
બોલ

આદિવાસી બાળકોનું બાલપત્ર

અંક : ૨

ડિસેમ્બર ૨૦૨૪



આદિવાસી બાળકોનું બાલપત્ર

ડિસેમ્બર ૨૦૨૪
વર્ષ ૧, અંક - ૨

સંપાદક : વસંત રાઠવા

ચિત્રકાર : દેશીંગ રાઠવા

અક્ષરાંકન : રામસિંગ રાઠવા

બુક ડિઝાઈન : સંજય રાઠવા

સલાહકાર : ડૉ.મદન મીણા

નિર્માણ, સંયોજન, અને આયોજન : વસંત રાઠવા, ગોપસિંગ રાઠવા, અર્જુન રાઠવા

પ્રકાશક : ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર
૩, પરિચય પાર્ક, મહારાણા પ્રતાપસિંહ સર્કલ પાસે દિવાળીપુરા- જૂના પાદરા રોડ
વડોદરા ૩૯૦ ૦૦૭, ગુજરાત

ફોન નં. : ૮૭૯૯૫૨૪૮૧૫

ઈ-મેઈલ : bhasharesearch@gmail.com

વેબસાઈટ : www.bhasharesearch.org

આદિવાસી બાળકોનું બાલપત્ર ઈ-બુક PDF ફોર્મેટમાં કરવામાં આવેલ છે.

અનુક્રમણિકા

'બોલ' ના વાચકમિત્રોને વિનંતી છે કે 'બોલ'માં સમાવાયેલ વિષયોને અનુરૂપ જો કોઈ લખાણ તમારી પાસે હોય અથવા આપને લખવાની ઈચ્છા હોય તો તે લખી નીચેનાં સરનામે મોકલશો.

સંપાદક : 'બોલ'

વસંત રાઠવા

વસંત શાળા, આદિવાસી અકાદમી, તેજગઢ,

તા.જી. છોટાઉદેપુર

મો.૯૮૭૯૭૨૬૪૪૧

સંપાદકીય


નવી શિક્ષા નીતિ આવી છે ત્યારેથી દેશ અને રાજ્યમાં માતૃભાષા માં શિક્ષણની ચર્ચાઓ થવા લાગી છે. ખાસ કરીને એક થી પાંચમા ધોરણ માં અભ્યાસ કરતા બાળકોને પોતાની બોલી માં શિક્ષણ કેવી રીતે મળી રહે એ માટેના પ્રયાસ થોડા સમયથી સરકારી અને ખાનગી સંસ્થાઓ કરી રહી છે એ ખુબ સારી વાત છે, આ ક્ષેત્ર માં ઘણી બધી સંસ્થાઓ વર્ષોથી આ કાર્ય કરી રહી છે. આ બોલ સામાયિક નો ઉદેશ પણ એજ રહ્યો છે કે આદિવાસી બાળકો ને આદિવાસી ભાષાની સમજ એના મૂલ્યો ને સમજ સાથે આગળ વધે જેથી બાળક પોતાની સમજ શક્તિનો વિકાસ સાથે અભ્યાંસ કરે. છેલ્લા એક મહિનામાં હૈદરાબાદ અને ભોપાલમાં આદિવાસી ભાષા, સંસ્કૃતિ અને મૂલ્યો લઈને ત્રણ દિવસીય ચર્ચા સત્ર થયા એમાં દેશનાં તમામ રાજ્યના આદિવાસી ક્ષેત્રમાં કામ કરતા યુવા અને અનુભવી લોકો સાથે મળવાનું થયું જેમાં બંને જગ્યાના મળી ને બસો જેટલા ખુબ અનુભવી તજજ્ઞો સાથે આદિવાસી બાળકો ને માતૃભાષામાં શિક્ષણની ચર્ચા થઇ, આ ચર્ચાઓ અને મારા અનુભવ સાથે એ ચોક્કસ કહી શકાય કે બાળકોને શરૂઆતમાં માતૃભાષા શિક્ષણ આપવાથી ઝડપી તર્કશક્તિ નો વિકાશ થાય છે, આ કાર્ય શાળામાં દેશમાં શિક્ષણને લઈને જુદા જુદા પ્રયોગો થઇ રહ્યા છે. ભાષા, સંસ્કૃતિ અને મૂલ્યો લઈને ખુબ સારા પ્રયોગો થઇ રહ્યા છે, જેમ કે ઓડિસા માં ભાષા (બોલી) કામ થઇ રહ્યા છે જયારે નોર્થ ઇસ્ટ રાજ્યોમાં પોતાની સ્ક્રિપ્ટ વિકસાવી રહ્યા છે. દરેક રાજ્યમાં માતૃભાષાને લઈને પોતપોતાના સમુદાય માટે કામ થઇ રહ્યા છે. દરેક સમુદાયને પોતાના બોલ (બોલી) ની એક આગવું સ્થાન છે. એમાં એક સમુદાયના જીવન ઇતિહાસ રહેલો છે. આધુનિક યુગ માં પોતાની ઓળખ અને સંસ્કૃતિની સાથે લઈને જવાનો માર્ગ માત્ર શિક્ષણ થકી જ શક્ય છે. આજે નવા નવા પ્રવાહ આપણી તરફ આવી રહ્યા છે એ પ્રવાહમાં આપણે પ્રભાવિત થઇ ને ખેંચાય રહ્યા છે. એ પ્રવાહમાં પોતાની આગવી ઓળખ રાખવમાં શિક્ષણ માં આપણા મૂલ્યો સમાવેશ થી બની રહેશે. બાળકો માટે આવા સ્થાનિક

કક્ષાએ નાના નાના સામાયિક પ્રકાશિત થવા જોઈએ જેથી બાળકોને સ્થાનિક બોલીનું અભ્યાસ સામગ્રી મળી રહે. અથવા આ બોલ માં પણ સ્વાગત છે.

નવી શિક્ષા નીતિ આવી છે ત્યારેથી દેશ અને રાજ્યમાં માતૃભાષા માં શિક્ષણની ચર્ચાઓ થવા લાગી છે. ખાસ કરીને એક થી પાંચમા ધોરણ માં અભ્યાસ કરતા બાળકોને પોતાની બોલી માં શિક્ષણ કેવી રીતે મળી રહે એ માટેના પ્રયાસ થોડા સમયથી સરકારી અને ખાનગી સંસ્થાઓ કરી રહી છે એ ખુબ સારી વાત છે, આ ક્ષેત્ર માં ઘણી બધી સંસ્થાઓ વર્ષોથી આ કાર્ય કરી રહી છે. આ બોલ સામાયિક નો ઉદેશ પણ એજ રહ્યો છે કે આદિવાસી બાળકો ને આદિવાસી ભાષાની સમજ એના મૂલ્યો ને સમજ સાથે આગળ વધે જેથી બાળક પોતાની સમજ શક્તિનો વિકાસ સાથે અભ્યાંસ કરે.

છેલ્લા એક મહિનામાં હૈદરાબાદ અને ભોપાલમાં આદિવાસી ભાષા, સંસ્કૃતિ અને મૂલ્યો લઈને ત્રણ દિવસીય ચર્ચા સત્ર થયા એમાં દેશનાં તમામ રાજ્યના આદિવાસી ક્ષેત્રમાં કામ કરતા યુવા અને અનુભવી લોકો સાથે મળવાનું થયું જેમાં બંને જગ્યાના મળી ને બસો જેટલા ખુબ અનુભવી તજજ્ઞો સાથે આદિવાસી બાળકો ને માતૃભાષામાં શિક્ષણની ચર્ચા થઇ, આ ચર્ચાઓ અને મારા અનુભવ સાથે એ ચોક્કસ કહી શકાય કે બાળકોને શરૂઆતમાં માતૃભાષા શિક્ષણ આપવાથી ઝડપી તર્કશક્તિ નો વિકાશ થાય છે, આ કાર્ય શાળામાં દેશમાં શિક્ષણને લઈને જુદા જુદા પ્રયોગો થઇ રહ્યા છે. ભાષા, સંસ્કૃતિ અને મૂલ્યો લઈને ખુબ સારા પ્રયોગો થઇ રહ્યા છે, જેમ કે ઓડિસા માં ભાષા (બોલી) કામ થઇ રહ્યા છે જયારે નોર્થ ઇસ્ટ રાજ્યોમાં પોતાની સ્ક્રિપ્ટ વિકસાવી રહ્યા છે. દરેક રાજ્યમાં માતૃભાષાને લઈને પોતપોતાના સમુદાય માટે કામ થઇ રહ્યા છે. દરેક સમુદાયને પોતાના બોલ (બોલી) ની એક આગવું સ્થાન છે. એમાં એક સમુદાયના જીવન ઇતિહાસ રહેલો છે. આધુનિક યુગ માં પોતાની ઓળખ અને સંસ્કૃતિની સાથે લઈને જવાનો માર્ગ માત્ર શિક્ષણ થકી જ શક્ય છે. આજે નવા નવા પ્રવાહ આપણી તરફ આવી રહ્યા છે એ પ્રવાહમાં આપણે પ્રભાવિત થઇ ને ખેંચાય રહ્યા છે. એ પ્રવાહમાં પોતાની આગવી ઓળખ રાખવમાં શિક્ષણ માં આપણા મૂલ્યો સમાવેશ થી બની રહેશે. બાળકો માટે આવા સ્થાનિક કક્ષાએ નાના નાના સામાયિક પ્રકાશિત થવા જોઈએ જેથી બાળકોને સ્થાનિક બોલીનું અભ્યાસ સામગ્રી મળી રહે. અથવા આ બોલ માં પણ સ્વાગત છે.

મકાઈ (ગીત)



મકાઈ પાકવાની મનમાં મોટી આશ,
આ વાળી ઝૂડીને કર્યો વાડો સાફ.
ઑણનાં વરસાદમાં કાંઈ નથ્થી ભલીવાર...

વ્યાજે કાઢી મોંઘી કોથળીવાળી લાવ્યા,
વળી સાથે ખોળિયુંને ડીએપી લાવ્યા.
આ થોડા વરસાદમાં કાંઈ નથ્થી ભલીવાર...

બદળ જોડીને બાએ સાહડા કરિયા,
આઈએ ખાતરને અમે દાણા ઓરિયા.
આ પોજા ઊગવામાં કાંઈ નથ્થી ભલીવાર...

સવારે સારીને સાંજે ચીમળાઈ જાય,
મૂળમાં કોડલાને ઊધઈ કોરી ખાય.
આ મકાઈ હળવામાં કાંઈ નથ્થી ભલીવાર...

મૂળાં વગરની આ અમથી ઢળી જાય,
હોળે બળદે આ આંસી આંસી થાય.
આ રાડાં ગાળવામાં કાંઈ નથ્થી ભલીવાર...



તોહવાઈ તોહવાઈને ગળબાંમાં આવી,
એમ કરીને શીપાં મુસિયાંમાં આવી.
આ દાણાં બેસવામાં કાંઈ નથ્થી ભલીવાર...

કાળીમૂંસ પડતાંમાં દીવા તો કરિયા,
મામા ભાણેજનાં ઘરે જઈ સડિયા.
આ ડોડા આલવામાં કાંઈ નથ્થી ભલીવાર...

ડોડાની છીણ પેલાં ભજીયાં તો મેન,
વર...



જાદુઈ તુંબડી

એક ગામમાં એક ડોસો અને ડોશી રહેતા હતાં.એકવાર આ ગામમાં વરસાદ ના પડવાથી દુષ્કાળ પડ્યો. જેનાથી ઢોરઢાંખર ટપો ટપ મરવા માંડ્યા.

આ બાજુ ડોસા અને ડોશીનાં ઘરે પણ કોઠારમાં અનાજ ખૂટી જવાથી ભૂખે મરવાનો વખત આવ્યો! એક દિવસ ડોશી એના ડોસા ને કહે -"ડોસા! ડોસા! તું છોકરી જમાઈ ના ઘરે જા અને કાંઈક દાણા આપે તો લઈ આવ. મને તો હવે ખાધા વગર જીવ નીકળી જાય એમ થાય છે. ડોશીની વાત સાંભળીને ડોસાએ ટાકામાંથી ફાળિયું લીધું,ખૂંટી પરથી લાકડી લીધી અને કોઠી પરથી ખાસડાં લીધા. પછી ટટૂક ટટૂક કરતો છોકરી અને જમાઈ ના ઘરે જવા નીકળી પડ્યો.

ઘર નજીક આવી ગયું એટલે દૂરથી જ છોકરી એના બાપાને જોઈ ગઈ અને એના ઘરવાળાને કહે -"પેલા તો મારા બાપા આવતા હોય એવું લાગે છે!" બરાબર ધારી ધારીને જોયા પછી ઓળખાણ પડી એટલે જમાઈ પણ પોતાના સસરાને લેવા ઘરમાંથી બહાર નીકળીને આગળ લેવા ગયો. પછી ડોસાને ખાટલે બેસાડીને બરાબરની આગતા સ્વાગતતા કરી.પછી ડોસાની છોકરીએ એને પૂછ્યું કે -"બાપા તમે તો આવ્યા, પણ ઘરે મારી માઁ કુશળ તો છે ને?" તો ડોસાએ કીધું -"નથી બેટા!એણીએ જ તો મને અહીંયા મોકલ્યો છે. અઠવાડિયા થી કોઠીમાં એકે દાણો રહ્યો નથી."

છોકરી અને જમાઈ તો ડોસાની વાત સાંભળ્યા પછી ચિંતામાં પડી ગયા.વિચારવા લાગ્યા! હવે ડોસા ડોસીને ઘડપણમાં આંખે દેખાય નહીં,કાને સંભળાય નહીં,

અને હાથ પગ તૂટ્યા એટલે કોઈ કામ પણ થાય નહીં. આપણે એવું કરીએ કે આપણાવાળી આ જાદુઈ તુંબડી એમને આપી દઈએ. આમ વિચારીને બંને જણાએ ડોસાને બરાબર સમજાવી દીધું કે તમને બંને જણાને જ્યારે પણ ભૂખ લાગે ત્યારે આ તુંબડીને થાળીની ઉપર ફેરવીને એમ કહેવાનું કે ઉઠ તુંબડી, ઘી ને ભાત! એટલે આ તુંબડી તમને ફટાફટ ગરમા ગરમ ઘી ને ભાત આપી દેશે. ડોસા ને વળાવી દીધો એટલે ડોસો હાથમાં તુંબડી લઈને લાકડી ના ટેકે ટટૂક



ટટૂક કરતો પાછો ઘરે જવા રવાના થયો.રસ્તામાં એક મોટું ખાખરાનું ઝાડ આવ્યું. ડોસાને થોડીવાર માટે આરામ કરવાનું મન થયું.માથેથી ફાળિયું છોડીને થોડીવાર માટે આડો પડ્યો.ઉપર જોયું તો ખાખરાના મોટા મોટા અને લીસા લીસા પાન!ડોસાએ વિચાર્યું-"ખરેખર આ તુંબડી ઘી ને ભાત આપે છે કે નહી!એ જાણવા માટે ઊભા થઈને લાકડીથી ચાર પાંચ પાના પાડ્યા.એનું સળી વડે સીવીને એક પતરાળું બનાવ્યું.પછી પતરાળા પર તુંબડી ફેરવીને બોલ્યો-"ઊઠ તુંબડી,ઘી ને ભાત! એટલું કહેતા માં તો તુંબડીએ ફટાફટ ગરમાગરમ ઘી ને ભાત આપી દીધા.ડોસાએ તો ફરીથી બરાબર ધરાઈને ખાધું.પછી ઘેર જવા ચાલવા મંડ્યો. એનું ઘર નજીક આવી ગયું એટલે દૂરથી જ ડોસીને કહેવા લાગ્યો-"ડોશી!ડોશી!જલ્દી જલ્દી થાળી તૈયાર કર." ડોસી કહે-"તું તો હાથ હલાવતો ગયો અને હાથ હલાવતો પાછો આવ્યો!તારા હાથમાં તો ખાવા જેવું કાંઈ છે નહીં તો શું ખાવાના હતા?"ડોસાએ કીધું- તું મારી વાત સાંભળ.ડોશીએ તો બે થાળી તૈયાર કરી.પછી ડોસાએ હાથમાં તુંબડી લઈને -"ઊઠ તુંબડી,ઘી ને ભાત!"એમ કીધું કે તરત જ તુંબડીએ તો ફટાફટ ગરમાગરમ ઘી ને ભાત આપી દીધા.ડોશીને તો ખુબજ નવાઈ લાગી!પછી તો જ્યારે પણ ભૂખ લાગે એટલે થાળી તૈયાર કરીને તુંબડીને એમ કહે કે-'ઊઠ તુંબડી,ઘી ને ભાત!"એટલે તુંબડી તો ખરેખર ફટાફટ ગરમાગરમ ઘી ને ભાત આપી દે!હવે તો આ ડોસા ડોશીને દળવાની,ભૈડવાની કે રાંધવાની એકેય માથાકૂટ નહીં.પછી તો આ ડોસા અને ડોશીએ ખાધું પીધું ને મોજ કરી!

ખાટલા હેઠે કુરી,
મારી વાત પુરી!



ધનવાન શેઠ

એક ગામમાં ખૂબ જ ધનવાન શેઠ રહેતો હતો તેનું નામ આજુ- બાજુના વીસ પચ્ચીસ ગામડામાં તેનું ખુબ મોટું નામ હતું અને ચારે બાજુથી એના નામનો ખૂબ પ્રચાર હતો.

આજુ બાજુ અલગ-અલગ ગામના સાત ચોરો કોઈ ને કોઈ ગામડામાંથી નાની મોટી ચોરી કરીને રાતે એક જગ્યા પર મળતા હતા જે ચોરી લાવે તે બધા રાતે ભાગ પાડીને પોતે પોતાના ઘરે લઈ જતાં રહે છે.

દિવસે ચોરો ઊંઘે છે અને રાત્રે ચોરી કરવા માટે નીકળી પડે છે. ચોરી કરવા માટે તેઓ કોઈ ગામને સીમાડે સાથે મળે છે. અને તેઓ જે જગ્યા પર જવાનું નક્કી કરે છે તે ગામમાં જતાં હતા, તેમાં સાત ચોરોમાં એક વેંતિયો પણ રહેતો હતો



તેઓ ઘણા ગામડામાં ચોરી કરી પણ એક દિવસ તેઓ નક્કી કર્યું કે એક ધનવાન શેઠ છે. ત્યાં ચોરી કરવા જવાનું નક્કી કર્યું એટલે તેઓ એક ગામને સીમાડે ભેગા મળ્યા હતા, અને રાત્રે ખૂબ ધનવાન શેઠના ઘરમાં ચોરી કરવા માટે નક્કી કર્યું, પછી રાત્રે તેઓએ ધનવાન શેઠ ગામમાં જવા માટે રવાના થયા હતા પણ ધનવાન શેઠને ત્યાં આજુ, બાજુ ચોકમાં ખૂબ ચોકીદાર માણસો રાખ્યા હતા આજુ ,બાજુ ચારે બાજુ લાઇટનું અજવાળું હતું એટલે ચોર ખુબ જ વિચારમાં પડ્યા ઘરના પાછળના ભાગમાં ઝાડ હતા તેના છાયડામાં સ્ંતાઇને સાત ચોરો ધનવાન શેઠના ઘરમાં ધીરે-ધીરે જતાં રહ્યા ઘરમાં જઇ આજુ બાજુની વસ્તુઓ જોવા લાગ્યા ઘરમાથી રૂપિયા, સોનું, ચાંદી, અન્ય કીમતી વસ્તુઓ લઈને નીકળ્યા તેમાં વેંતિયાના ભાગે કશું નહિ આવ્યું એટલે શેઠના ઘરમાંથી એક વાઘનું ચામડું લઈને ગયો અને અજવાળીરાત હતી તેવામાં એક જગ્યાએ રાત્રે બધા ચોર આરામ કરવાન્ું નક્કી કર્યું રાત્રે ઠંડીના દિવસ હોવાથી એ બધા ધાબળા ઓડીને ઊંઘી ગયા હતા પણ વેંતિયો ચોર વાઘનું ચામડું ઓડીને થોડે દૂર ઝાડના થડમાં જઈને બેસી રહ્યો અને બીજા ચોરો જાગીને જોવે તો સામે વાઘ છે. એમ કરીને ભાગી ગયા અને વેંતિયો ચોર સોનું, ચાદી, રૂપિયા બધુ લઈને ઘરે જતો રહ્યો ખાય પીને શાંતિથી રહેવા લાગ્યો.



(૧) થાળ વગરનો થોભલો ઉપર મેરા મેર ચુ. કો.

જવાબ – પાણીનો સેવાળ

(૨) માહરી બોકળી આલો પાલો ખાય પૂણ પોણીપીવે તો મરી જાતલી.

જવાબ –આગ

(૩) આચ્છ જેતરી- ફેતરી બાહ બોળો છોરૂ ગોરૂ – ગોરુ ચુ. કો.

જવાબ – નાળીયોર

(૪) દહ પોગ અને તીન માથા ચુ. કો.

જવાબ – હોળ લાકડું

(૫) ખાખીના ચીથરામે પોલીસ મરી જાય ચુ. કો.

જવાબ – ઓબલું (ખાટી આમલી)

(૬) ખાતલી – પીતલી ખૂણે જાયકને સૂઈ જતલી ચુ. કો.

જવાબ – ભાની (થાળી)

(૭) નાનલું પોરિયું આખું ઘોર હાસવે ચુ. કો.

જવાબ - તાળું

(૮) બાહ બયડામાં આચ્છ ઉકળામે પોરીયો હાટમે ચુ. કો.

જવાબ – ચનોખળી

(૯) અથ્થર તોળું ચપરોળો તોળું ચપરોળામેથી પોણી કાળુ ચુ. કો.


જવાબ – નારીયોળ

(૧૦) અબ્બી ડબ્બી ભૂયમે ડબ્બી ચુ. કો.

જવાબ – મંજા, ભમજા

રમત લૂનપાટો

આદિવાસી વિસ્તારમાં દરેક ગામડાની અંદર બાળકોની મુખ્ય રમત તરીકે લૂનપાટા રમત હોય છે. તેમાં 20 થી 40 બાળકો આ રમત રમે છે રમત ની શરૂઆત જેટલા બાળકો હોય એના આધારે જમીન પર પાટા દોરવામાં આવે છે. એમાં દરેક બાળકની બે-બે જોડી બની નામ રાખીને આવે છે તેમાં બે મુખ્ય ગૃપ લીડર હોય છે તેમાં જોડી પ્રમાણે નામ બોલે છે. એક વખત એક લીડર નામની પસંદગી કરે છે બીજી વખત બીજો લીડર નામની પસંદગી કરે છે. બે ગૃપ બને છે બે લીડરને સામ-સામે ઊભા રાખે છે. નળિયાની ઠીકરી લીડર પસંદગી કરે છે ખાડો કે ટેકરો



એવું બોલી ઠીકરી ઉપર નાખવામાં આવે છે જે રમવાવાળા ખેલાડી ગોળાકાર ઊભા થઈને નક્કી કરવામા આવે છે જેનો ખાડો હોય તેનો પહેલો દાવ આમ કરીને જેનો ખાડો હોય તે ગૃપ પાટા પાર કરીને દોડનાર હોય છે. જેનો ટેકરો હોય તે ગૃપના ખેલાડી બીજા દાવવાળાને પકડવાની કોશિશ કરે છે એમાં જે દાવમાં લીડર બન્યા હોય તેની ગૃપની બધી જવાબદારી હોય છે જે ગૃપવાળાની પકડવાનો દાવ હોય એ ગૃપના લીડર જે એક બાળકનું નામ લે છે તેને ઘોડી બનાવવામાં આવે છે. જે ઘોડી બને છે. તે ખેલાડી દરેક પાટા પર ફરી શકે અને દોડનાર ગૃપના ખેલાડીને પકડી શકે છે. જે ગૃપ દોડનાર છે. તે બાળકો પાટા ક્રોસ કરીને છેલ્લા પાટાની બહાર જાય છે. અને હાથમાં માટી કે એક નાનો કાંકરો લઈ બધા પાટા ક્રોસ કરી જ્યાથી પ્રવેશ કરે છે. ત્યાં પહોંચી જાય ત્યારે તે ગૃપ જીતે છે તે ગૃપ વાળા બીજા ગૃપ પર કીડી ચડાવે છે. પછી એજ ગૃપ જીતી જાય છે. એટલા માટે તેનો જ દાવ દોડવાનો હોય છે. જો પકડનાર દાવ વાળા ખેલાડી કોઈ એક ખેલાડીને પકડી લે છે. તો દોડનાર ગૃપના બધા ખેલાડી આઉટ ગણાય છે. પછી તેનો દાવ હોય છે જયા પહેલા ગૃપવાળાને કીડી ન ઉતરે ત્યાં સુધી બીજા ગૃપવાળાની જીત ન થાય ત્યાં સુધી આ રમત રમવામાં આવે છે. રમનાર બાળકોને ઘણી મજા આવે છે.

બોધ = (૧)ધ્યાન કેન્દ્રિત થાય છે (૨) શારીરિક અને માનસિક વિકાશ થાય છે.

સતોડિયું

સરખી સંખ્યાની બે ટુકડી અથવા દસ –દસની ટુકડી અથવા વીસ-વીસ ખેલાડીની ટુકડી બનાવવામાં આવે છે.

સાધન = નળિયાના ગોળ-ગોળ સાત ટુકડા અને ટેનિસ બોલ લાવવામાં આવે છે.

શરૂઆતમાં 10 થી 15 ફૂટ દૂર સતોડિયું ગોઠવીને મૂકવામાં આવે છે. ખેલાડીની બે ટુકડી પાડવી તેમાં બે ટુકડીના બે લીડર હોય છે. બે-બે જણ નામ રાખીને આવે જેમ કે લાલ અને પીળો આંબલી અને વડ તેમજ કાગડો અને કબૂતર એવા નામ રાખીને આવે તેમાં એક વખત એક લીડર નામ પસંદગી કરે અને બીજી વખત બીજો લીડર નામ પસંદગી કરે આમ બે ટુકડી બને છે. પછી બધા ખેલાડી ગોળ ગોળ ઊભા રહે અને વચ્ચે બે લીડર ઊભા રહે છે. પછી ઠીકરી પર એક બાજુ મોઢાથી થૂંકવામાં આવે છે. પછી બંને લીડરો બોલે, લીલું કે સૂકું જોઈએ. એવું કહેવામા આવે પછી લીડર જે બોલશે તેના પછી ઠીકરી ઉપર નાખવામાં આવે છે. પછી નીચે પડે ત્યારે ઠીકરીનો જે ભાગ ઉપર આવે તે ગૃપને પહેલો દાવ આપવામાં આવે છે. એક ટુકડી દાવ લેવા સતોડિયાની એક ટુકડી ફિલ્ડિંગ ભરવા ગોઠવાઇ જાય બીજી ટુકડી દાવ લેવા માટે નિશાન પાસે ઊભી રહે છે.



એક એક જણે દાવ લેવાનો રબ્બરના દડાથી સંતોડિયાને પાડવાનું જે જમીન પર ટપ્પો પાડીને સામાવાળા કેચ કરી લે તો દાવ લેનાર આઉટ ગણાય છે. પછી બીજો દાવ લે જ્યાંરે સંતોડિયું પડે ત્યારે દાવ લેનાર સંતોડિયું ચઢાવવા પ્રયત્ન કરે ને દાવ દેનાર દાવ લેનારને દડાથી મારવાનો પ્રયત્ન કરે જો સંતોડિયું અડયા વગર ચડાવી દે તો છેલ્લે ચડાવનાર મોટેથી સંતોડિયું બોલે આથી એ ટુકડી વાળા બધા મોટેથી સતોડિયું-સતોડિયું બોલે આ દાવ વાળાનો એક કીડો ચડયો કહેવાય, બધાનો એક વધારનો દાવ ચડે જો સંતોડિયું ગોઠવતા એક ઠીકરી રહી તો પણ આખી ટુકડી આઉટ થઈ ગણાય. જે દાવ લેનારનો સતોડિયાને મારતા બોલ કેચ થઈ જાય તો પણ આખી ટુકડી આઉટ થઈ જાય,


દાવ દેનાર દાવ લેનારને મારતી વખતે દડો લઈ ને દોડી શકાય નહીં બીજાને દડો અપાવી શકાય દાવ લેતી વખતે દાવ લેનાર નક્કી કરેલ હદમાં જ રહે દાવ દેનારે સંતોડિયાથી આગળ ઊભું રહેવાય નહીં સંતોડિયાને સહેજ દડો અડી જાયને પછી તે પડ્યું હોય કે ન પડ્યું હોય છતાં કેચ થઈ જાય તો પણ

આખી ટુકડી આઉટ થઈ જાય તો એક કીડો ચડ્યો એવું કહેવામા આવે છે. જે ટુકડી ઉપર સાત દાવ ચડે ત્યારે તે ટુકડી હારી ગઈ ગણાય છે. આ રીતે રમત પૂરી થઈ ગણાય છે.

બોધ-બાળકનું ધ્યાન કેન્દ્રિત થાય છે અને શારીરિક વિકાસ થાય છે.

સાપ અને શાહુડી

એક જંગલમાં શાહુડી અને સાપ રહેતા હતા શાહુડી જંગલમાં આમ તેમ ફરીને દિવસે મોજમસ્તી અને આનંદ કરે છે. ત્યારે શિયાળાની કડકળતી ઠંડીથી શાહુડી ધ્રુજે ત્યારે એની નજર એક સાપના દર પર પડી તે ગઈ સાપ પાસે અને ધ્રૂજતી-ધ્રૂજતી કહે સાપભાઈ ઓ સાપભાઈ મને તમારા દરમાં થોડા દિવસ રાખોને હું તો ઠંડીથી મરી જવાની છુ. એટલે સાપને દયા આવી અને કહે કે શાહુડી તું કઈ અહી રહેવા માટે આવી પડી મારો દર તો નાનો છે. શાહુડીના કાટાવાળા પીંછા સાપની કોમળ કાયામાં વાગવા લાગ્યા સાપને પણ ખૂબ ઠંડી લાગે તેથી સાપ તો ચૂપ રહ્યો ઠંડી ઓછી થઈ ગઈ તોય શાહુડી સાપના દરમાંથી જવાનું નામ પણ લેતી નથી પછી સાપ કહે શાહુડીબેન હવે તમે તમારા ઘરે જાવને સાપને થયું કે હવે શાહુડી



જતી રહેશે પણ તે તો સામે કહેવા લાગી કે તમે કોણ છે મને મારા ઘરે મોકલવાવાળા કહી શાહુડી ના પાડે છે. શાહુડી સાપને કહે તારે બીજા દરમાં જવું હોય તો જા સાપે આ વાત સાંભળી દૂ:ખી થયો અને દરમાંથી નીકળી બીજે જતો રહ્યો રસ્તામાં એક ઉંદર સાપને જોઈને કહેવા લાગ્યો અરે સાપભાઈ તમે કેમ રડો છો ત્યારે સાપે શાહુડીની વાત કહી તેથી ઉંદર કહે રડવાનું બંધ કરો અરે અરે આવું કેમ ચાલે તમે હમણાં તો બીજા કોઈ દરમાં રહો હું તમને તમારો દર જરૂર પાછો અપાવીશ આમ કહી તે તો ચાલ્યો શાહુડી પાસે તે વખતે શાહુડી દરમાં નહોતી તેથી ઉંદર એક ખૂણામાં શાંતિથી સંતાઈ ગયો શાહુડી આવી શાંતિથી દરમાં ઊંઘી ગઈ શાહુડીના સોયડા જેવા એના પીંછા તેથી ઉંદરને બહુ બીક લાગે ત્યારે ઉંદર વિચાર કર્યો કે શાહુડી ઊંઘી ગઈ એટલે ઉંદર ધીરે ધીરે દરમાં ગયો અને શાહુડીના સોયડા જેવા પીંછા તેને કાપવા લાગી ગયો અને સવારે વહેલા ઉઠી ને દરમાથી ભાગી ગયો શાહુડીના સોયડા જેવા પીંછા બધા કાપી નાખ્યા સવારે ઉઠી શાહુડી દેખે તો બધા પીંછા ઉંદર કાપી નાખ્યા હતા શાહુડી તો સાવ બોડી થઈ ગઈ તેથી આખા જંગલના પશુ, પક્ષીઓનું ટોળું સાપના દર પાસે આવ્યા અને બધા હસવા લાગ્યા ત્યારે ઉંદર કહ્યું કે જે બીજાનો દર લઈ લે તેની આવી દશા થાય છે. શાહુડી ખુબજ રડવા લાગી અને સાપને કહે કે મારી ભૂલ થઈ ગઈ સાપભાઈ મને માફ કરો દર તમારો છે તમે પાછા તમારા દરમાં રહેવા આવી જાવ શાહુડી સાવ પીંછા વગરની થઈ ગઈ અને ત્યાથી ભાગી ગઈ અને સાપે ઉંદરને શાબાસી આપી.



વિચારો અને જાણો

(૧) અનાજ ભરવા માટેનું વાંસ કે સાંઠીમાંથી બનાવેલું સાધન.

૧.કોઠી, ૨.કબલી, ૩.કોઠાર, ૪.બેરલ

(૨) ગામમાં ઢોર ઢાંખર અને માણસો શા માટે મરવા લાગ્યા?

૧.વીજળી પડવાથી, ૨.વાવાઝોડાથી, ૩.રોગચાળાથી, ૪.કાળ પડવાથી

(૩) ડોસો છોકરી અને જમાઈના ઘરે શા માટે ગયો હતો?

૧.દાણા લેવા, ૨.પૈસા લેવા, ૩.જમવા, ૪.મળવા

(૪) ‘આવો પાવો કરવો’-એટલે:

૧.અવર જવર કરવી, ૨.આગતા સ્વાગતા કરવી, ૩.પાણી પાવું,
૪.સેવા ચાકરી કરવી

(૫) વિદાય વેળાએ છોકરી અને જમાઈએ બાપાને શું આપ્યું ?

૧.તુંબડી, ૨.દાણા, ૩.ઘીને સુકા, ૪.પૈસા.

પોરિયા રે (ગીત)

કા જાવો પોરિયા રે કા જાવો પોરિયા રે
હમુ મોહળા ચુટવા જાજે રે હમુ મોહળા ચુટવા જાજે રે
મોહળાનું કો કરહું રે કો કરહું રે
મોહળાનું ચોખા ચૂરી લાવહુ રે ચોખા ચૂરી લાવહુ રે
કા જાવો પોરિયા રે કા જાવો પોરિયા રે
હમુ ડોળિયાં ચુટવા જાજે રે હમુ ડોળિયાં ચૂટવા જાજે રે
ડોળિયાનું કો કરહુ રે ડોળિયાનું કો કરહુ રે
ડોળિયાનું ડોળિયું કાઢહું રે ડોળિયુંનું ડોળિયું કાઢહું રે
ડોળિયાં તેલનું કો કરહું રે કો કરહું રે
અળદના ઢેબરા બનાવહું રે ઢેબરા બનાવહું રે
ઢેબરાનું કો કરહું રે કો કરહું રે
ઢેબરા મામાને ખૌવડાવહુ રે મામીને ખૌવડાવહુ રે
હમુ ડોળિયાં ચુટવા જાજે રે હમુ ડોળિયા ચુટવા જાજે રે
હમુ મોહળા ચુટવા જાજે રે હમુ મોહળા ચુટવા જાજે રે



લૉકડાઉન (ગીત)

પણ આ દાહોદિયો! કદી નહીં માંગે!
લૉકડાઉનમાં એની સ્થિતિ ભલે ડાઉન લાગે.
પણ આ દાહોદિયો! કદી નહીં માંગે!

ઉભો સુકાતો પાક ભલેને તીડ કોરી ખાય,
ભૂંડ વાડે મકાઈ ભાંગે પૂરમાં તણાઈ જાય.
ઈ ભલે સૌ સરકારમાં રાહત આ માંગે.
પણ આ દાહોદિયો! કદી નહીં માંગે!

ટાઢ તાપને જોખમથી કૈં ડરવાનું નૈં નામ,
સ્વમાનથી સદા જીવવાનુંને હરામનું નૈં દામ.
સદાયે ખુદના પગ પર રે'વા મથતો આ જાતે!
પણ આ દાહોદિયો! કદી નહીં માંગે!

એને તો બસ એકજ લક્ષ્ય કામ કામને કામ,
ઘરમાં કામો ના મળે તો જતો બહાર ગામ.
ત્યાં રોડગટરને ખેતરનાં આ કામ કરી જાણે!
પણ આ દાહોદિયો! કદી નહીં માંગે!

ઠાકોર અને ઠકરાણી (વાર્તા)


એક ગામ હતું તે ગામમાં એક ઠાકોર રહેતો હતો. ઠાકોર ખુબ સુખી ધનવાન હતો. એને એક દિવસ એને એવો વિચાર આવ્યો કે, બહાર ફરવા માટે જવું છે. બીજા દિવસે ઠાકોરને ઠકરાણી બન્નેવ ફરવા માટે બીજા દેશમાં ગયા. ત્યાં ભાડાનું મકાન રાખી રહેવા લાગ્યા. થોડા દિવસ પછી તે ગામમાંથી એક ઘોડો પણ ખરીદી લીધો ઠાકોર ઘોડાનો શોખીન હતો ઠાકોર રોજ સવાર સાંજ ઘોડા પર બેસીને ફરવા માટે નીકળે એક દિવસ રાજા દરબારમાં થઈને ઘોડા સવારીને જોયો રાજાએ હજામને પૂછ્યું આ કોઈ બહારનો વ્યક્તિ છે ત્યારે હજામે કહે હા એ બહારનો ઠાકોર આપણા દેશમાં ફરવા માટે ઠાકોર ને ઠકરાણી બંનેવ છે રાજાએ હજાને પૂછ્યું કે ઠાકોરને કહેજો કે આમારા દેશમાં નોકરી કરવી છે બીજે દિવસે હજામે ઠાકોર ને વાત કરી કે આમારા દેશમાં નોકરી કરવી છે ત્યારે ઠાકોર કહે હા કરીશું બીજા



દિવસે ઠાકોરને દરબારમાં બોલવી પૂછ્યું કે એક દિવસની મંજુરી કેટલી લેવાની ત્યારે ઠાકોર કહે કે એક દિવસનું ૧ તોલો સોનું લેવાનું રાજાએ આપવાની હા પાડી રાજા અને હજામ ખુશ થયા કે ઠાકોરને ગમે તે થાય તો આપણે ઠકરાણીને આપણા દરબારમાં તેડી લાવવાની એમની દાનત હતી બીજે દિવસે ઠાકોર દરબારમાં આવ્યો ઠાકોરને રાક્ષસને મારવાનો હુકમ કર્યો કે આ ગામમાં એક રાક્ષસ આવે છે તેને તમારે મારવાનો છે ઠાકોર કબુલ કર્યું દરબારમાંથી ઠાકોર ઘરે ગયો અને ઠકરાણીને વાત કરી કે આજે મારે રાત્રે રાક્ષસને મારવાનો રાજાએ હુકમ કર્યો છે ઠકરાણી કહે વાધો નહિ એ રાક્ષસને મારવા માટે મારે જવાનું છે. અને તારે રૂમની અંદર સુઈ જવાનું છે સાંજ પડી ઠાકોર ઠકરાણી ખાઈ પીને ઠકરાણી કહે ઠાકોરને હું રાક્ષસ મારવા જાવું છું. ઠકરાણી એ તલવાર ઢાલ અને દારૂને બાકરા સાથે લીધા અને ગામના દરવાજા પાસે ઠકરાણી બેઠી રાતના બાર વાગ્યા ને રાક્ષસ આવ્યો પહેલો રાક્ષસ દારૂ પીધો



અને પછી બાકરા કુંડ તરફ ગયો ને તરત ઠકરાણી એ તલવારથી રાક્ષસનું માથું કાપી લીધું અને રાક્ષસનું માથું લઈને ઠકરાણી તેના રૂમમાં જતી રહી સવાર પડી ગામનાં દરવાજાની બહાર રાક્ષસને મરેલી હાલતમાં ગામ લોકોએ જોયો પેલો કહે મેં રાક્ષસ માર્યો બીજો કહે મેં માર્યો એમ ગામમાં ચર્ચા થવા લાગી જયારે હજામને રાજાને ખબર પડી કે રાક્ષસને ગામ લોકોએ માર્યો હવે પેલા ઠાકોરને રાજાએ બોલાવ્યો કે ઠાકોર ગામ લોકોએ રાક્ષસ માર્યો તો તમે ક્યાં હતા ત્યારે ઠાકોરે કહ્યું કે ગામ લોકોએ માર્યો તો એની અધાણી શું એનું નિશાન શું ઠાકોર કહે કે રાક્ષસ મેં માર્યો છે એની અધાણી આ રાક્ષસનું માથું છે અને માથું કાપી લઈ હું રૂમ પર જતો રહ્યો હતો હવે બીજા દિવસ ઠાકોર દરબારમાં ગયો હજામ ને રાજા વિચાર કરવા લાગ્યા કે હવે ઠાકોરને કયું કામ સોપવું ઠાકોર રોજ આવેને ૧ તોલો સોનું લઈ જાય એક દિવસ હજામને યાદ આવ્યુ કે આપના સ્મશાનની અંદર જે માણસ મરી ગયેલ છે તેની ખબર અંતર લેવાનો હુકમ કરવાનો છે. હજામે રાજાને વાત કરી રાજા પણ ખુશ થયો બીજે દિવસે ઠાકોર દરબારમાં આવ્યો રાજાએ હુકમ કર્યો કે તારે સ્મશાનની અંદર જે મરી ગયેલ માણસની ખબર લેવા માટે જવાનું છે.



ગામસાય પાનગું

આદિવાસી સમાજ પેઢી દર પેઢીથી પ્રકૃતિ પૂજક છે તેઓ દેવી, દેવતાઓને પૂજે છે ગામસાય પાનગુ તેઓ ખુબ શ્રદ્ધા સાથે દેવી, દેવતાઓની પૂજા વિધિ કરી ઉજવે છે. ગામમાં ૨૦ થી ૨૫ વર્ષે ગામના આગેવાન .લોકો ભેગા થઈ નક્કી કરવામાં આવે છે કે આ વર્ષે આપણે ગામસાય કરવું છે પછી ૨ થી ૩ બળવાઓને ત્યાં ખાખરના પાનમાં અળદના દાણા અને પાંચ રૂપિયા મૂકી આખા ગામની પોળી ઉતારી ગામમાં શું મુશ્કેલી છે. અને ક્યાં બળવાના હાથે વિધી વિધાન કરાવીએ તો ગામમાં બધું સારું રહેશે તે જોવડાવવા માટે જાય છે. ત્યારે બળવો ગામની પોળી



ખોલી અલગ, અલગ બળવાના દાણા નાખે છે. જે બળવાના દાણા વધારે રહે તે બળવાના હાથે ગામ દેવોનું પૂજન કરાવવાનું નક્કી કરવામાં આવે છે. પછી સવા મહિના પહેલા આખા ગામને બળવા દ્વારા દરેક ઘરને ઝાળી ઝુપટીને ચોખ્ખું કરવામાં આવે છે. અને આખા ગામમાંથી જૂની બાહ્ડી, જુનાસુપડા, ટોપલી, માટલા, પાંચ સાત જાતના અનાજનો રોળો લાલ,સફેદ કાપડની ધજા તાડના ઠાબાની ગાડીઓ તેમજ ઠીકરાની સંગળી વગેરે નું વળામનું બનાવી આખા ગામમાં કીકીયારીઓ કરતા ફેરવી બીજા ગામના સીમાડે મૂકી આવે છે. જેને ગામનો ઉતારો કાઢયો આમ કહેવામાં આવે છે.

પછી સવા મહિના સુધી ગામમાં કેવું રહે તે જોવામાં આવે સવા મહિના સુધીમાં ગામમાં કોઈનું મૃત્યું ના થાય કોઈ બીમારી ના આવે પશુઓ સારા રહે ખેતીવાડી સારી થાય વગેરે અખતરા કરવામાં આવે છે.

જે કુંભાર દેવી, દેવતા માટે માટીના ઘોડા, વાઘ, હાથી, ઊટ, ગાય, ભેસ, હરણ,



ઢાબા, કોડિયા, કટવા વગેરે બનાવતા હોય તે કુંભારને ગામ લોકો ભેગા મળીને ઓડર આપે છે. પછી ઘોડા તૈયાર થાય ત્યારે ગામ લોકો નાચતાં નાચતાં લેવા માટે જાય છે.

જે દિવસથી દેવોનો અખાડો બાંધી નોતરાં કરવામાં આવે છે. તે દિવસથી ગામમાંથી બે કુંવારી કન્યાઓને નોગેણો રાખવામાં આવે છે. દેવોની રસોઈ બનાવવા સાફ સફાઈ રાખવી અને બે કુવારા છોકરાઓને નોગણીયા તરીકે રાખવામાં આવે છે. તેઓ દેવોના દીવા બત્તી ધૂપ કરવી બળવો કહે તે પ્રમાણે કામ કરતા હોય છે. તે દિવસથી આખા ગામના લોકો રસોઈનો વઘાર કર્યા વગરનું મોળુ ભોજન જમતા હોય છે. મોટા ભાગે દાળ-ભાત જમેં છે આખા ગામમાં રોટલા-રોટલી કરવાની મનાઈ હોય છે. સગા સબંધીમાંથી કે હોટલમાંથી રોટલા-રોટલી લાવીને ખાય શકાય નહિ આઠ –દસ દિવસ આ પ્રસંગ ચાલે છે. પછી બળવો ગામ દેવોનું પૂંજન હોમ કર્યા પછી ગામના લોકો અલગ –અલગ વાનગીઓ બનાવીને જમે છે. ગામ દેવતા એટલે આંખા ગામની રખેવાળી કરતા દેવતા. ગામમાં ૩૦થી ૩૫ પ્રકારના અલગ-અલગ નામના દેવો વસતા હોય છે.જેવા કે દુધીયોદેવ, ભરમોદેવ,



ઝેરીયોદેવ, કાળુંરાણોદેવ, ખત્રીજદેવ, સીભોડીદેવી, કંડુરાણાદેવ, સાલક્યોદેવ, ગામગોદરાજદેવ, ખેડબાય, હદરજોદેવ, કૈયાડાકુભીદેવ, તોરણદેવ, ચાટવયોદેવ, સુડોળદેવ, હોળીમાતા, રાણી કાજલ માતા વગેરે દેવો ગામમાં રહેતા હોય છે. ગામમાં વસતા દેવોના સ્થાન અલગ-અલગ હોય છે. જુદાં જુદાં રોગો માટે જુદાં જુદાં દેવો માતાઓ કામ કરતા હોય છે.

અલગ-અલગ દેવોને નવો શણગાર કરવામાં આવે છે. દરેક દેવોના પ્રતિક રૂપે સાગના લાકડામાંથી ખુંટા તૈયાર કરી જેતે દેવના સ્થાનક પર બળવો ઢાંક વગાડી ગીતો મંત્રો બોલી અને મોટા ઢોલ, નાના ઢોલ,નગારી, શરણાઈ અને વાંસળી આદિવાસી પહેરવેશ, ઘરેણા પહેરી નાચતા,નાચતા દેવોને બેસાડવામાં આવે છે.

બુધવારની સાંજે કરમના ઝાડની પાંચ ડાળખી અને કળાના ઝાડની ડાળ કાપીને ખળીમાં રોપવામાં આવે છે સાથે ડાળોમાં દેવોના પાટલા, માટલા, કટવા, અને દિવા માટે કોડિયા મુકવામાં આવે છે. તેની ગોળ,ગોળ ફરીને ગામના લોકો તેમજ આજુ,બાજુ ગામડા લોકો ઢોલ નગારા સાથે નાચવા માટે મોટી સંખ્યામાં મેળામાં ઉમટી પડે છે. જ્યાં આખી રાત નાચતા હોય છે.

બળવા દ્રારા સવારે બકરા,મરઘા અને નારીયેલ વધેરી દેવોનું પૂજન હોમ કરવામાં આવે છે. પછી ડાળોને નદી કે તળાવમાં પધરાવવામાં આવે છે. પછી ગામ લોકો ભેગા મળી બનાવેલ રસોઈ જમે છે. દરેક દેવો ગામમાં ફરી શકે તે માટે વાહન તરીકે માટીનો ઘોડો અને ઢાબુ દિવા માટે કોડિયું આપવામાં આવે છે. જેને ગામસાય પાનગું અથવા દેવોની પેઢી બદલવી આમ કહેવામાં આવે છે.

ગામસાય કરવા માટે દરેક કુટુંબ સરખા ભાગે લોક ફાળો આપતા હોય છે. જેમાં પોતાની રાજી ખુશીથી સાગના લાકડા, અનાજ, અડદનીદાળ, ચોખા, તેલ, નારીયેળ તેમજ રૂપિયા પણ સરખા ભાગે આપે છે.




ગામમાં ક્યારેક વધારે માણસો બીમારી પડે. વરસાદ ના પડવો, ગામમાં વધારે ચોરીથાય, પશુઓમાં અસાધ્ય રોગ આવે ત્યારે ગામના લોકો ભેગા મળી ગામના બળવા સાથે ગામદેવોમાં જઈ માણતા રાખે છે. જેમાં મુખ્ય ગામદેવનો ઘોડો ઊંધો ફેરવી વચન આપવામાં આવે છે. કે આજ થી અમારા ગામમાં બધા માણસોના શરીર સારા રહે, પશુઓની બીમારી સારી થાય, વરસાદ સારો આવે ગામમાં ચોરી કે ખૂન ખરાબી ના થાય ગામમાં સારું અનાજ ફળ પાકે તે દિવસે અમે તમારો ઘોડો સતો ફેરવી તમને બકરો કે મરઘો અને ઘોડો ધાબુ ચઢાવી રાજી ખુશીથી તમારી માનતા કરીશું એવી માનતા રાખવામાં આવે છે.

ગામમાં અલગ-અલગ ઋતુ પ્રમાણે તહેવારો ઊજવવામાં આવે છે જેવા કે બંદી, દિવાસો, ઉજાણી, દેવદિવાળી, હોળી, અખાત્રીજ વગેરે તહેવારો ગામમાં ઊજવવામાં આવેછે દરેક તહેવારમાં ગામ દેવોની પૂજા વિધી કરવામાં આવે છે. જેમાં બકરા મરઘાની બલી દારૂ તાળી આપવામાં આવે છે. પછી પોત પોતાના ઘરમાં પીઠોરાદેવ તેમજ ઘરલી(ગોતરદેવી)ની પૂજા કરી ઘરમાં બનાવેલ રસોઈ જમતા હોય છે. (ફોટોગ્રાફર, નારણ રાઠવા, વિકેશ રાઠવા)



રીંછળુ ને માણહ (વાર્તા)

એખ જંગલ હુતું ચહા એખ રીંછળુ રહતલું તીનાં લાંબા લાંબા કાનીયાં,લાંબુ-લાંબુ તીનું મોહ, લફ લફ કરીકને ફીરતલું. બયળામે એખ માણહ પુણ રહતેલો તીનાનું નામ ચમારીયો. બયળામે ઝીણલી ઝૂપડી બનાવી રહતલો. તીનાની હતેણ કોઈ કામધંધો ની હોયો. એતરે ફળ વીણીકને ખાતલો પીતલો. વારુંમજા કરતેલો. રીંછળુ ચમારીયાંનું ભાઈ બંધ હુતું. બયળામે હાતે ફીરે, હાતે બહે અન ભેગા રહતલાં.
એખ દાહડે ચમારીયાને વિસાર આયવો કે, આખો દાહડો બહીને કાંઈ ન કરવા કરતાં કોઈ કામધંધો કરું. બયળાનો માલિક રીંછળું હુતું. બદી ભોંય પોણ રીંછળાની હુતલી. એતરે ચમારીયો ભોંયમે બહે એહલો પાક નાયખો એતરે શક્કરિયાં નાયખા. ફીરતું ફીરતું રીંછળુ આયુ તીને રીંછળાંને કહે કે ઉપર ભાગ તાહરો અને ભોંયની અંદરનો ભાગ માહરો. ચમારીયો શક્કરિયાં હાટે વેચીયાં અન રીંછળું શક્કરિયાંના




પોયળા લીકને જ્યું. પુણ તીના કોઈ લીધાં ની.

એતરે રીંછળું ચમારીયાને કહવા લાયગુ કે કાલથી માહરી ભોંય ની કરતો. નીતેર પોંગ મેં આહટેહ. વરહાત દાહડા આયાં ભોંય ખેડી પસી ચમારીયો ભારે કારીગર હુતો. એતરે ફરી રીંછળાને કહવા લાયગો કે, આ વખતે ઉપોરનો ભાગ માહરો ને ભોંયની અંદરનો ભાગ તાહરો. એતરે રીંછળુ તૈયાર હોયજુ. ચમારીયો ગમની ખેતી કરી એતરે ઉપરનો ભાગ એહીયો ગમ લીદા.

રીંછળાંનો ભાગ ગમનાં મૂળિયાં આયા. રીંછળાનાં મનમાં વિસાર આયવો કે આ વરહે ગમનાં મૂળિયાંની કિંમતી હુસે. તે પાછો ફસાયો. રીંછળુ ગમના મૂળિયાં ખાવા લાજ્યું તીનાં હોઠ છોલાઈ જ્યાં રીંછળુ કકળીને બોલીયુ. આ માણહ હરેક વખતે મને છેતરે સે એતરે તે હામે મળે તો કાનચાવળામે મેલવા હીનું. એહલી વાત કરતલું. રીંછળુ હોગુ હોગુ આયું અન ચમારીયાની પોર કુદીયું. તીનુ નખોરુ અન કોણ ધરી લીદો.

હજી પુણ રીંછળું બયળામે ફીરે સે. માણાહને હોદેસે. માણાહ મળે એતરે રીંછળું કોણ અન નખોરું ધરવાની વાત કરે સે. એતરે માણહ રીંછળથી ગભરાય સે. તીનાં થી સેટુ ઢાહે સે. માણેહ એ રીંછળાંને છેતરેલું એતરે તીનાની ઈને બીક લાગે સે.





Adivasi Academy, Tejgadh

bhasha

Bhasha Research and Publication Centre